વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

January_ 2026


# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :

**શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.



# તારા જ્ઞાનને ઠીક કર !!

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

*'જ્ઞાનનો ચળકાટ ચારે તરફ પ્રસરી રહ્યો છે'* એટલે અમને તો સદા સર્વદા સર્વથા જ્ઞાનમયપણું જ જોવામાં આવે છે. આ સિવાય અમને કાંઈ જ દેખાતું નથી. *'જ્ઞાનના ચળકાટ વિના સોનાનો ચળકાટ શેમાં જણાય?'* તેં કહ્યું કે સોનું ચળકે છે. અમે પૂછીએ છીએ કે સોનું ચળકે છે એવી ક્યાં ખબર પડી તને? કોની હયાતીમાં તેં નક્કી કર્યું કે સોનું ચળકે છે? જ્ઞાનની હયાતી સિવાય ક્યાંય નક્કી થાતું નથી. તો પહેલું સોનું કે પહેલું જ્ઞાન? આ પ્રશ્ન છે? જગતની, સંસારની અંદર સોનાની કિંમત છે અથવા જે પદાર્થ જણાય એની કિંમત (કરે) છે અને જાણનારની કિંમત ઉડાવી છે અને આમ આખો સંસાર ચાલે છે. આ સર્વજ્ઞ અનુસારીણી વાણીમાં આ બધું એક-બે લીટીમાં આખા સંસારનું સ્વરૂપ આવી જાય છે. જે જણાય છે એની કિંમત આંકે છે અને જાણનારની બિલકુલ કિંમત આંકતો નથી અથવા એને નિર્મૂલ્ય ગણીને ચાલે છે. એની તો જાણે કાંઈ કિંમત જ નહિ હોય.

એક આંખ છે, એનો પરદો કે કોઈ એવો મહત્ત્વનો અવયવ retina કહે છે. મહત્ત્વનો અવયવ ખરાબ થાય એને સરખું કરાવવા 'ઈંગ્લેન્ડ', 'અમેરિકા' જો ક્યાંય થતું હોય કે 'મદ્રાસ'ની પાસે 'વેલુર' છે જ્યાં થતું હોય ત્યાં ખૂણેખાંચરે ગોતીને પણ જાય ખરો. વાત તો હોય એક દોરાવા જેટલા અવયવને ઠીક કરવાની. એટલી કિંમત એને શરીરના અવયવની છે, પણ અંદર જે જાણનાર તત્ત્વ છે (એની કિંમત કરતો નથી). પરદો તારો એમ ને એમ રહી જશે, જાણનાર તત્ત્વ ચાલ્યું જશે તો પરદો એમ ને એમ રહી જશે ને કંઈ જણાશે (નહિ), પરદા ઉપર કંઈ જણાશે નહિ. પણ એને (જ્ઞાનને) ઠીક કરવા માટે કંઈ કરતો નથી.

મુમુક્ષુ : જ્ઞાનને ઠીક કરવા માટે કંઈ નહિ.

પૂજ્ય ભાઈશ્રી : જ્ઞાનને સમ્યક્ કરવા માટે, જ્ઞાનને ઠીક કરવા માટે, જ્ઞાનને સમીચીન કરવા માટે એનો કંઈ પ્રયત્ન જોવામાં આવતો નથી. અને જો એક નાનામાં નાનો અવયવ ઠીક કરવો હોય તો ભલે હજારોનો ખર્ચ થાય અને ગમે એટલી પ્રતિકૂળતા વેઠીને પણ ત્યાં પહોંચવું. આ ઠીક કરાવવો પડશે. નહિતર આ તો બહુ કિંમતી વસ્તુ છે, આંખ ચાલી જશે. આંખ વહી જશે, આંખ ચાલી જશે એની ચિંતા થાય છે, જ્ઞાન ચાલ્યું જશે એની ચિંતા થાતી નથી !! આ તકલીફ છે.

જ્ઞાન ચાલ્યું જાશે એટલે જ્ઞાન મૂંઢાઈ જશે. જે દોષ કરતાં જ્ઞાન મૂંઢાઈ જાશે એની દરકાર કરતો નથી અને એક આંખનું ઑપરેશન કરવું હોય તો ગંભીર થઈને ક્યાંયના ક્યાંય સુધી એની ગંભીરતા સમજીને સરખો કરવા માટે એ પ્રશ્નને હાથમાં લ્યે છે. આવી બધી ગરબડ ચાલી છે.

ચક્રવર્તીઓએ છ ખંડ છોડ્યા. 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ' તીર્થંકરો હતા. 'ભરત' ચક્રવર્તી


(અનુસંધાન પાના નં ૧૫ પર...)

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૨ : અંક–૩૩૭, વર્ષ–૨૮, જાન્યુઆરી–૨૦૨૬

## કહાનરત્ન કિરણો !!

**– અધ્યાત્મ યુગસૃષ્ટા**
**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી**
**(શ્રી 'પરમાગમસાર'માંથી સાભાર ઉદ્ધૃત)**



ડો. ગાંગુલી :- વ્રત-તપ-ત્યાગ કરવાથી આત્માના ઉપરની છાલ-મેલ નીકળી જાય છે ને?

પૂ. ગુરુદેવશ્રી :- ના, એ તો રાગ છે. એ વ્રત, તપ આદિના રાગને પોતાનો માનવો એ મિથ્યાત્વ છે, ગુન્હો છે, ભ્રમણા છે.

ડો. ગાંગુલી :- તો સાધારણ જીવોને એ વ્રતાદિ કરવા તો ઠીક છે ને!

પૂ. ગુરુદેવશ્રી :- નહિ, સાધારણને પણ એ વ્રતાદિથી ધર્મ નથી, એનાથી જન્મ-મરણનો અંત આવતો નથી. તેમાં લાભ બુદ્ધિથી જન્મ-મરણ વધે છે. ૨૬૧.

*

ડો. ગાંગુલી :- આત્મજ્ઞાન થવાથી એ વ્રતાદિ રાગ છે એમ ભાસે છે પણ પહેલા તો જલ્દી આત્મજ્ઞાન થતું નથી ને?

પૂ. ગુરુદેવશ્રી : જલ્દીનો અર્થ-એનો અભ્યાસ કરવો જોઈએ. રાગ શું છે? આત્મા શું છે? હું કાયમી ટકનાર ચીજ કેવી છું? વિગેરે અભ્યાસ કરી જ્ઞાન કરી રાગથી ભિન્ન આત્માનો અનુભવ કરવો એ પહેલી વસ્તુ છે. આત્માને જાણ્યા વિનાના એના ક્રિયાકાંડ બધા રણમાં પોક મૂકવા સમાન છે. આત્મા અંદર આનંદસ્વરૂપ ભગવાન ચૈતન્યતેજનો પુંજ પ્રભુ છે. તેનું જ્ઞાન ન હોય. અંદર દશાનું વેદન ન હોય ત્યાં સુધી એના ક્રિયાકાંડ બધાં જૂઠા છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું દુર્લભ છે. પહેલાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન હોવો જોઈએ. ૨૬૨.

*

પ્રશ્ન :- આત્મા પરમાં તો કાંઈ ફેરફાર ન કરી શકે એ તો ઠીક, પણ પોતાની પર્યાયોમાં ફેરફાર કરવામાં પણ તેનો કાબુ નહિ?

ઉત્તર :- અરે ભાઈ! જ્યાં દ્રવ્યને નક્કી કર્યું ત્યાં વર્તમાન પર્યાય પોતે દ્રવ્યમાં વળી જ ગઈ.

પછી તારે કોને ફેરવવું છે? મારી પર્યાય દ્રવ્યમાં અંતર્મુખ થઈ ગઈ, તે પર્યાય હવે ક્રમેક્રમે નિર્મળ જ થયા કરે છે અને શાંતિ વધતી જાય છે. આ રીતે પર્યાય પોતે જ્યાં દ્રવ્યમાં અંતર્મગ્ન થઈ ગઈ ત્યાં તેને ફેરવવાનું ક્યાં કહ્યું? તે પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે. પર્યાય આવશે ક્યાંથી?- દ્રવ્યમાંથી, માટે જ્યાં આખા દ્રવ્યને કાબુમાં લઈ લીધું (-શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકારી લીધું) ત્યાં પર્યાયો કાબુમાં આવી જ ગઈ એટલે કે દ્રવ્યના આશ્રયે પર્યાયો સમ્યક્ નિર્મળ જ થવા માંડી. જ્યાં સ્વભાવ નક્કી કર્યો ત્યાં જ મિથ્યાજ્ઞાન ટળીને સમ્યક્જ્ઞાન થયું, મિથ્યાશ્રદ્ધા પલટીને સમ્યગ્દર્શન થયું. -એ પ્રમાણે નિર્મળ પર્યાય થવા માંડી તે પણ વસ્તુનો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ ફર્યો નથી. ને પર્યાયોના ક્રમની ધારા તૂટી નથી. દ્રવ્યના આવા... આવા સ્વભાવનો સ્વીકાર કરતાં પર્યાયની નિર્મળ ધારા શરૂ થઈ ગઈ ને જ્ઞાનાદિનો અનંતો પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો.

સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાય ને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું એટલે એકલો વીતરાગી જ્ઞાતા ભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ! જ્ઞાનમાં જ્ઞાતાદષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે. જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે. ૨૬૩.

*

પ્રશ્ન :- હું જાણનાર જ છું એવું જોર આવતું નથી તે કેમ આવે?

ઉત્તર :- જોર પોતે કરતો નથી તેથી આવતું નથી. બહારના સંસારના પ્રસંગોમાં કેટલી હોંશ ને ઉત્સાહ આવે છે! એમ અંદરમાં પોતાના સ્વભાવની હોંશ ને ઉત્સાહ આવવો જોઈએ. ૨૬૪.

*

ભાઈ! તારું રૂપ તો ભગવાન સ્વરૂપ છે ને! પરમાત્મસ્વરૂપ તું છો. જિનસ્વરૂપ જ આત્મા છે. વીતરાગ અકષાયમૂર્તિ જ આત્મા છે, તેને પરમપારિણામિકભાવ કહો કે એકરૂપ ભાવ કહો, અહીં તેને શુદ્ધભાવ કહેવામાં આવે છે. તેનાથી જીવાદિ સાત બાહ્યતત્ત્વો ભિન્ન છે. નિમિત્ત આદિ તો ભિન્ન છે જ પણ રાગાદિ અશુદ્ધભાવ છે તે બહિર્તત્ત્વ છે અને પૂર્ણ સ્વરૂપના આશ્રયે જે વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ તે પણ પર્યાય હોવાથી બહિર્તત્ત્વ છે ને બહિર્તત્ત્વ છે તે હેય છે. ૨૬૫.

*

કારણપરમાત્મા એ જ ખરેખર આત્મા છે. નિર્ણય કરે છે પર્યાય, નિત્યનો નિર્ણય કરે છે અનિત્ય પર્યાય, પણ તેનો વિષય છે કારણપરમાત્મા, તેથી તે જ ખરેખર આત્મા છે. પર્યાયને અભૂતાર્થ કહીને, વ્યવહાર કહીને, અણાત્મા કહ્યો છે. ૨૬૬.

*

અલિંગગ્રહણના ૨૦ માં બોલમાં ધ્રુવને સ્પર્શતો નથી એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે એમ કહ્યું, ત્યાં વેદનની અપેક્ષાએ કહ્યું છે, કેમ કે આનંદનું વેદન પરિણતિમાં છે. ત્રિકાળીનું વેદન

થતું નથી. તેથી વેદનમાં આવ્યો તે હું - એમ કહ્યું છે. જ્યાં જે આશય હોય તે સમજવો જોઈએ. અહીં સમ્યગદર્શનની વાત છે. સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી - ધ્રુવસામાન્ય તે એક જ સર્વ તત્ત્વોમાં સાર છે. એ વસ્તુ પોતે ધ્રુવ છે. તેના ઉપર લક્ષ જતાં સમ્યગ્દર્શન થાય છે. ૨૬૭.

*

ત્રિકાળી દ્રવ્યનો અવતાર શુદ્ધજ્ઞાન જ છે. અવતાર એટલે નવી ઉત્પત્તિ એમ નહીં પણ શુદ્ધજ્ઞાનસ્વરૂપ છે. વિકલ્પથી કે રાગથી રહિત જ છે. ગુણ-ગુણીના ભેદથી રહિત શુદ્ધ જ્ઞાનસ્વરૂપ જ છે. તથા સુખસાગરનો પૂર છે. વસ્તુ પોતે સુખસાગરનો પૂર છે. વસ્તુમાં સુખસાગરની ભરતી ભરી પડી છે, અતીન્દ્રિય આનંદનો પુંજ પ્રભુ છે તે શુદ્ધભાવ છે, સામાન્યભાવ છે, જ્ઞાયકભાવ છે, તેનો એક સમયમાત્ર અનુભવ થતાં સમસ્ત સંસારનો નાશ થઈ જાય છે. ૨૬૮.

*

હું અભેદ છું 'નિર્વિકલ્પ અહમ્' એમ પાઠ છે. વિકલ્પ - ભેદ નથી એ તો નાસ્તિથી વાત છે તેથી તે ન લીધી પણ હું નિર્વિકલ્પ છું એમ કહ્યું. હું ઉદાસીન છું. આહાહા! આવી ચીજ સમજવા બધા આગ્રહ છોડવા જોઈએ. અમે જાણીએ છીએ એવા અભિમાન છોડવા જોઈએ. હું ઉદાસીન છું. મારી બેઠક ધ્રુવમાં છે. મારૂં આસન ધ્રુવ છે. પરથી તો હું ઉદાસ છું પણ પર્યાયથી પણ ઉદાસ છું. ૨૬૯.

*

ત્રણે કાળ ને ત્રણે લોકમાં શુદ્ધ નિશ્ચયનયે એકલો જ્ઞાનરસ ને આનંદકંદ પ્રભુ હું છું. આવો છું એવી દૃષ્ટિ તે આત્મભાવના છે. હું આવો છું તથા બધાય જીવો ભગવત્ સ્વરૂપ છે. પરમાત્મસ્વરૂપ બધા જીવો છે. વસ્તુ તરીકે બધા જીવો આવા છે. આવા આત્માને અનુભવવો તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન ને તેમાં ઠરવું તે ચારિત્ર છે. એ રીતે મન-વચન-કાયાથી તે કૃત-કારિત-અનુમોદનાથી બધાય જીવો આવા છે એમ નિરંતર એટલે કે અંતર પાડ્યા વિના આ ભાવના કરવા લાયક કર્તવ્ય છે. એ સિવાય કાંઈ કરવા લાયક માને તે આત્માનો અનાદર છે. ૨૭૦.

*

સર્વજ્ઞ જિનેન્દ્રદેવે જે આત્મા ધ્રુવ કહ્યો છે તેને જે જીવ અવલંબે છે તેને તે ધ્રુવસ્વભાવમાંથી શુદ્ધતા પ્રગટ થાય છે. તેને તે આત્મા શુદ્ધપણે ઉલ્લસ્યો તેમ કહેવામાં આવે છે. જેમ અનાદિ અજ્ઞાનથી પુણ્યપાપના ભાવ તે હું એવો મિથ્યાત્વનો અનુભવ છે તે દુઃખનો અનુભવ છે. તેમ જ્ઞાનીને અતીન્દ્રિય આનંદામૃતના ભોજન છે. ૨૭૧.

*

પ્રશ્ન :- જ્ઞાનીની પ્રરૂપણામાં અસત્‌ની પ્રરૂપણા આવે?

ઉત્તર :- ના. જ્ઞાનીની વાણીમાં અસત્‌ની પ્રરૂપણા ન આવે. જ્ઞાનીને અસ્થિરતા હોય. પણ પ્રરૂપણામાં અસત્ કથન ન આવે. વ્યવહારથી નિશ્ચય થાય, રાગથી લાભ થાય કે રાગથી ધર્મ થાય કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરે એવી પ્રરૂપણાને અસત્ પ્રરૂપણા કહે છે. ૨૭૨.

*

પ્રશ્ન :- પ્રવચનસારમાં વિકારને શુદ્ધનયથી જીવનો કહેવાનું શું પ્રયોજન છે?

ઉત્તર :- વિકાર તે જીવથી પોતાથી થયો છે. પોતાના અપરાધનું કાર્ય છે પણ કર્મથી (પુદ્‌ગલથી) વિકાર થયો નથી તેમ બતાવવા વિકારને શુદ્ધનયથી (અશુદ્ધ નિશ્ચયનયથી) જીવનો કહ્યો છે. ૨૭૩.

*

બે નય પરસ્પર વિરોધી છે. જો તે એક હોય તો બે નય રહેતા નથી. વ્યવહારનય નથી એમ નથી. પણ વ્યવહારથી લાભ થાય તો નિશ્ચયનય રહેતો નથી. પાણી ગરમ થાય છે તેમાં અગ્નિ નિમિત્ત નથી તેમ નથી. પણ નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય તો ઉપાદાન રહેતું નથી. નિશ્ચયની સાથે વ્યવહાર હોતો નથી તેમ નથી, પણ વ્યવહારથી નિશ્ચય થાય તો નિશ્ચય રહેતો નથી. ઉપાદાનના કાર્ય કાળે નિમિત્ત હોય છે પણ નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થતું નથી. આવી વસ્તુની સ્થિતિ છે. ૨૭૪.

*

પ્રશ્ન :- આપ ધ્રુવસ્વભાવમાં (ઉપયોગ) લઈ જવાનું વારંવાર કહો છો પણ ધ્રુવસ્વભાવ દેખ્યો હોય તો ઉપયોગ લઈ જવાય ને?

ઉત્તર :- ધ્રુવસ્વભાવ તરફ લક્ષ કરે ત્યારે પર્યાયમાં ધ્રુવસ્વભાવ દેખાય ને! લક્ષ કર્યા વિના દેખાય કેમ! ધ્રુવસ્વભાવ તરફ લક્ષ કરે નહિ તો તેને ક્યાંથી દેખાય? અંદરમાં લક્ષ યથાર્થ કરે તો ધ્રુવસ્વભાવ તેને દેખાય જ. પર્યાય પાછળ દ્રવ્ય સ્વભાવ પડ્યો છે. જ્યાં નજર કરે તો ધ્રુવસ્વભાવ દેખાય જ. ૨૭૫.

*

પ્રશ્ન :- અભેદસ્વરૂપ આત્માની અનુભૂતિ થઈ ગયા પછી વ્રતાદિ કરવાથી શું લાભ છે?

ઉત્તર :- શુદ્ધાત્માનો અનુભવ થયા પછી પાંચમે છઠ્ઠે ગુણસ્થાને તે તે પ્રકારનો શુભ રાગ આવ્યા વિના રહેતો નથી. તે શુભ રાગ બંધનું કારણ છે અને હેય છે તેમ જ્ઞાની જાણે છે. શુદ્ધતાની વૃદ્ધિ અનુસાર કષાય ઘટતો જતો હોવાથી વ્રતાદિનો શુભરાગ આવ્યા વિના રહે જ નહિ એવો જ સ્વભાવ છે. ૨૭૬.

*

પ્રશ્ન :- પરના લક્ષથી આત્મામાં જવાતું નથી, પણ શાસ્ત્ર વાંચવાથી તો આત્મામાં જવાય છે ને?

ઉત્તર :- શાસ્ત્ર વાંચવાના વિકલ્પથી પણ આત્મામાં જવાતું નથી.

પ્રશ્ન :- તો શાસ્ત્ર વાંચવા નહિ ને?

ઉત્તર :- આત્માના લક્ષે શાસ્ત્રનો અભ્યાસ કરવો તેમ પ્રવચનસારમાં કહ્યું છે અને સમયસારની પહેલી ગાથામાં આચાર્યદેવે કહ્યું કે તારી પર્યાયમાં સિદ્ધોની સ્થાપના કરીને સાંભળ! એનો અર્થ એ કે તું સિદ્ધસ્વરૂપ છો એવી શ્રદ્ધા-પ્રતીતિ કરીને સાંભળ. સિદ્ધસ્વરૂપમાં દ્રષ્ટિ જોડી છે એટલે સાંભળતા અને વાંચતા પણ એ સ્વરૂપમાં એકાગ્રતાની વૃદ્ધિ થશે. ૨૭૭.

*

વાંચવું સાંભળવું આદિ બહારથી બધું કરે પણ એનાથી શું? એને પોતાથી અંદરથી હા આવવી જોઈએ કે રાગ તે હું નહિ અને જ્ઞાયક સ્વરૂપ ધ્રુવવસ્તુ તે જ હું એમ એના અસ્તિત્વની અંદરથી હા આવે. હા એટલે સ્વભાવની પ્રતીત

કરીને હા આવે ત્યારે એના કલ્યાણની શરૂઆત થાય. ૨૭૮.

*

પ્રશ્ન :- દ્રવ્યલિંગીને શુભમાં રૂચિ છે કે અશુભમાં પણ છે?

ઉત્તર :- દ્રવ્યલિંગીને શુભમાં રૂચિ છે. ૨૭૯.

*

પ્રશ્ન :- કાયા અને કષાયમાં એકત્વ છે તેનો ખ્યાલ તેને આવે છે?

ઉત્તર :- તેને ખ્યાલ આવતો નથી.

પ્રશ્ન :- તો ધારણાજ્ઞાન પણ તેને સાચું ન થયું?

ઉત્તર :- તત્ત્વના જાણપણાનું ધારણાજ્ઞાન તો તેને બરાબર છે પણ પોતે ક્યાં અટકે છે તે પકડાતું નથી. કષાયની ઘણી મંદતા છે તેમાં સ્વાનુભવ માને છે. ૨૮૦.

*

પ્રશ્ન :- બંધનું કારણ પરદ્રવ્યને મોક્ષનું કારણ સ્વદ્રવ્ય છે ને?

ઉત્તર :- બંધનું કારણ પરદ્રવ્ય નથી. પરદ્રવ્ય તો સદાય હોય છે. જો તે બંધનું કારણ હોય તો બંધ રહિત ક્યારેય ન થઈ શકે. પરદ્રવ્ય પ્રત્યેનું સ્વામીત્વ તે બંધનું કારણ છે અને સ્વદ્રવ્ય પણ અનાદિથી છે જ છતાં મોક્ષ થયો નહિ. તેથી સ્વદ્રવ્યમાં સ્વામીત્વ તે મોક્ષનું કારણ છે. સ્વદ્રવ્યમાં સ્વામીપણું થતાં પરદ્રવ્ય હોવા છતાં પણ બંધ થતો નથી. માટે સ્વદ્રવ્યનાં સ્વામીપણું તે મોક્ષનું કારણ છે ને પરદ્રવ્યમાં સ્વામીપણુ તે બંધનું કારણ છે. ૨૮૧.

*

કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એટલે સમ્યગ્દર્શન, સમ્યક્‌ચારિત્ર, કેવળજ્ઞાન આદિ જે સમયે થવાના છે તે જ સમયે થાય છે. જે કાળે જે થવાનું તે જ કાળે તે થાય. પણ એનો અર્થ એમ નથી કે પુરુષાર્થ વિના થઈ જાય! કાળનયને દેખનાર સાધકની દૃષ્ટિ કાળ ઉપર નથી પણ સ્વભાવ ઉપર હોય છે. તેથી કાળનયથી જાણે છે કે જે સમયે ચારિત્ર પ્રગટ થવાનું છે તે સમયે જ પ્રગટ થશે. જે કાળે કેવળજ્ઞાન થવાનું છે તે જ કાળે થશે. કોઈ મુનિ લાખો વર્ષ ચારિત્ર પાળે ને કેવળજ્ઞાન થતા વાર લાગે. કોઈ મુનિને અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈ જાય. તેથી લાંબો કાળ ચારિત્ર પાલન કરનાર મુનિને અધીરજ થતી નથી. તે જાણે છે કે કેવળજ્ઞાન થવાનું જ છે તે સ્વકાળે થશે. ૨૮૨.

*

**આભાર**


'સ્વાનુભૂતિપ્રકાશ' (જાન્યુઆરી–૨૦૨૬, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ

**શ્રી કીર્તિભાઈ છોટાલાલ દેસાઈ, અમેરિકા**

તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને

આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.

# લૌકિકભાવની ભયંકરતા !!



## શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૫૨૮ પર પ્રવચન

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

પત્રાંક-૫૨૮

મુંબઈ, આસો સુદ ૧૧, બુધ, ૧૯૫૦

સ્વપનેય જેને સંસારસુખની ઈચ્છા રહી નથી, અને સંપૂર્ણ નિઃસારભૂત જેને સંસારનું સ્વરૂપ ભાસ્યું છે, એવા જ્ઞાનીપુરુષ પણ વારંવાર આત્માવસ્થા સંભાળી સંભાળીને ઉદય હોય તે પ્રારબ્ધ વેદે છે, પણ આત્માવસ્થાને વિષે પ્રમાદ થવા દેતા નથી. પ્રમાદના અવકાશ યોગે જ્ઞાનીને પણ અંશે વ્યામોહ થવાનો સંભવ જે સંસારથી કહ્યો છે, તે સંસારમાં સાધારણ જીવે રહીને તેનો વ્યવસાય લૌકિકભાવે કરીને આત્મહિત ઈચ્છવું એ નહીં બનવા જેવું જ કાર્ય છે; કેમકે લૌકિકભાવ આડે આત્માને નિવૃત્તિ જ્યાં નથી આવતી, ત્યાં હિતવિચારણા બીજી રીતે થવી સંભવતી નથી. એકની નિવૃત્તિ તો બીજાનું પરિણામ થવું સંભવે છે. અહિતહેતુ એવો સંસારસંબંધી પ્રસંગ; લૌકિકભાવ, લોકચેષ્ટા એ સૌની સંભાળ જેમ બને તેમ જતી કરીને, તેને સંક્ષેપીને આત્મહિતને અવકાશ આપવો ઘટે છે.

આત્મહિત માટે સત્સંગ જેવું બળવાન બીજું નિમિત્ત કોઈ જણાતું નથી, છતાં તે સત્સંગ પણ, જે જીવ લૌકિકભાવથી અવકાશ લેતો નથી તેને, પ્રાયે નિષ્ફળ જાય છે, અને સહેજ સત્સંગ ફળવાન થયો હોય તો પણ વિશેષ વિશેષ લોકાવેશ રહેતો હોય તો તે ફળ નિર્મૂળ થઈ જતાં વાર લાગતી નથી; અને સ્ત્રી, પુત્ર, આરંભ, પરિગ્રહના પ્રસંગમાંથી જો નિજબુદ્ધિ છોડવાનો પ્રયાસ કરવામાં ન આવે તો સત્સંગ ફળવાન થવાનો સંભવ શી રીતે બને? જે પ્રસંગમાં મહા જ્ઞાનીપુરુષો સંભાળીને ચાલે છે, તેમાં આ જીવે તો અત્યંત અત્યંત સંભાળથી, સંક્ષેપીને ચાલવું, એ વાત ન જ ભૂલવા જેવી છે એમ નિશ્ચય કરી, પ્રસંગે પ્રસંગે, કાર્યે કાર્યે અને પરિણામે પરિણામે તેનો લક્ષ રાખી તેથી મોકળું થવાય તેમ જ કર્યા કરવું, એ શ્રી વર્ધમાનસ્વામીની છદ્મસ્થ મુનિચર્યાને દૃષ્ટાંતે અમે કહ્યું હતું.

શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત. પત્ર - ૫૨૮, પાનું - ૪૨૩. (કૃપાળુદેવ) શરૂઆતમાં જ્ઞાનીપુરુષની વાત કરે છે. *''સ્વપ્નેય જેને સંસારસુખની ઈચ્છા રહી નથી, અને સંપૂર્ણ નિઃસારભૂત જેને સંસારનું સ્વરૂપ ભાસ્યું છે, એવા જ્ઞાનીપુરુષ પણ વારંવાર આત્માવસ્થા સંભાળી સંભાળીને ઉદય હોય તે પ્રારબ્ધ વેદે છે, પણ આત્માવસ્થાને વિષે પ્રમાદ થવા દેતા નથી.''* શું કહે છે? જ્ઞાનીપુરુષનું પરિણમન કેવું હોય છે? કે સંસારમાં સુખ છે એ પ્રકારની ઈચ્છા જેમને જાગૃત અવસ્થામાં તો નથી પણ સ્વપ્નમાં પણ નથી.

જુઓ! જ્ઞાનીની વાત કરે છે. સંસારમાં તો લૌકિક સુખના ઘણાં પ્રકાર છે, છતાં પણ જ્ઞાનીને ક્યાંય સુખ ભાસતું નથી એટલે કે લાગતું નથી, અને તેની ઈચ્છા હોતી નથી. હવે આપણું (પરિણમન) જોઈએ તો આપણને કેટલી નાની-

નાની વાતોમાં ઈષ્ટપણું લાગે છે (દૃષ્ટાંતરૂપે) ખીચડી સારી બનીને આવી તો સારું લાગી ગયું. ઈષ્ટપણું લાગવાનું કારણ સુખબુદ્ધિ છે. તેની પાછળ સુખબુદ્ધિનો, ભોક્તાપણાનો અભિપ્રાય છે. પ્રયોજન સાથે એ રીતે સંબંધ જોડવો. વર્તમાન પ્રયોજનથી સંબંધ જોડવો.

જ્ઞાની કે જેને સ્વપ્નેય સંસારસુખની ઈચ્છા રહી નથી. એટલે અજ્ઞાનપણે જે સુખની કલ્પના છે એ કલ્પના નાશ પામી ગઈ છે. જગતના સમસ્ત પ્રકારની પર્યાયો ધારણ કરેલા પુદ્ગલ પરમાણુઓ સુખથી શૂન્ય છે. એ બધા જડ પરમાણુ છે. પુદ્ગલ એટલે જડ પરમાણુ છે. એ ગમે તે પર્યાયે પરિણમ્યા હોય (તો પણ) સુખથી શૂન્ય છે - સુખ રહિત છે. એમાં સારાપણું - ખરાબપણું (થાય છે) એ સુખબુદ્ધિને કારણે (થાય) છે. એમાં અભિપ્રાયની ભૂલ છે. એમાં સુખનો અભિપ્રાય છે. એ અભિપ્રાય જેનો (જ્ઞાનીનો) ખલાસ થઈ ગયો છે, કેમકે એમનું જ્ઞાન એવું સ્પષ્ટ છે કે, સુખરહિત (પદાર્થને) સુખ રહિતપણે જોવે છે. એક બાજુ (આમ છે).

બીજી બાજુ અંદરમાંથી સુખનો પ્રવાહ ચાલુ છે અને અનંત સુખના ધામને એટલેકે પોતાને અવલંબે છે. એ સુખનો પ્રવાહ ક્યારે ચાલે છે? કે 'પોતે અનંત સુખધામ છે' એના અવલંબને સુખનો પ્રવાહ ચાલે છે. બીજી બાજુ (અન્ય પદાર્થો સુખથી) સાવ ખાલી દેખાય છે. અંદર સુખ ભરેલું દેખાય છે અને બહારમાં ખાલી દેખાય છે.

*''અને સંપૂર્ણ નિઃસારભૂત જેને સંસારનું સ્વરૂપ ભાસ્યું છે,...''* ભાસ્યું છે એટલે લાગ્યું છે. સંસાર નિઃસાર એટલે નકામો લાગ્યો છે. જગતમાં માણસને અમુક વસ્તુ કામની છે એમ લાગ્યા કરે છે. કામની (લાગે) એટલે ત્યાં સુધી (લાગે કે એના ઉપરથી કહેવત પડી ગઈ) 'સંઘર્યો સાપ પણ કામમાં આવે.' લોકોએ એવી બધી કહેવત ગોઠવી છે. એટલે ઘરમાં નાનામાં નાની ચીજ સાવ નકામી હોય તો પણ (એમ કહે કે) 'ભાઈ! સંઘરી રાખોને! કોઈક દિવસ કામમાં આવશે. હશે તો કામમાં આવશે.' હવે આવું લાગવાને બદલે (જ્ઞાનીને) સંપૂર્ણ સંસારનું સ્વરૂપ નિઃસારભૂત એટલે નકામું લાગ્યું છે. એમાં રૂપિયા-પૈસા આવી જાય છે. બધી અનુકૂળતાઓ આવી જાય છે. બધું નકામું છે (એમ લાગે છે). આત્માને કોઈ ચીજ કામમાં આવતી નથી.

એ બધી જે કલ્પના છે કે, આ કામમાં આવે, આ કામમાં આવે, એનાથી આત્માનું મૂળ સ્વરૂપ બહુ દૂર છે. કેમકે ત્યાં (મૂળ સ્વરૂપમાં) તો (બીજી કોઈ વસ્તુ) છે જ નહીં. ત્યાં તો બીજી ચીજને (રહેવાનો) કોઈ અવકાશ જ નથી. એવું અદ્વૈત સ્વરૂપ છે. અદ્વૈત એટલે જ્યાં દ્વૈત નથી - બે-પણું નથી. સ્વભાવની (અંદર) બીજી ચીજ કામની-નકામી એ કલ્પના જ ઊભી થવાનો પ્રશ્ન નથી. પોતે મૂળ સ્વરૂપે એવો છે. (આ બધી કલ્પનાથી મૂળ સ્વરૂપ) બહુ દૂર છે.

શ્રદ્ધા-જ્ઞાનમાં જેને આવા સ્વરૂપની પકડ છે, એને લઈને બાકી બધું નકામું ભાસે છે. એવા જ્ઞાનીપુરુષ પણ ઉદય (પ્રસંગમાં) વારંવાર આત્માવસ્થાને સંભાળી સંભાળીને (ચાલે છે). સંભાળી સંભાળીને) ઉદય વેદે છે એટલે ઉદયમાં ચાલે છે - સાવધાન રહીને (ચાલે છે). શું વાત આવી? કે પોતે જ્ઞાનદશાને પ્રાપ્ત થયા છે, છતાં પણ એમને પરિણમનમાં કેટલી કાળજી છે! જો

જ્ઞાનીને આટલી કાળજી છે તો મુમુક્ષુએ કેટલી રાખવી જોઈએ!! મુમુક્ષુએ આમ ત્રિરાશી મૂકવાની (છે). ભલે વાત જ્ઞાનદશાની ચાલે છે. પણ મુમુક્ષુએ (આ વાતનું) કેવી રીતે અનુસંધાન કરવાનું? આ વાત કોને કહે છે? આ પત્ર મુમુક્ષુને લખે છે. પત્ર તો મુમુક્ષુને લખે છે ને? કોઈ જ્ઞાનીની (સાથે) ચર્ચા કરતા નથી. જ્ઞાની પણ આટલી કાળજી રાખીને ચાલે છે! ઉદયની અંદર એ એટલી બધી કાળજી રાખે છે કે પોતાની આત્મઅવસ્થાને સંભાળે છે.

*''આત્માવસ્થાને વિષે....''* એટલે આત્માને અવલંબીને ચાલતી અવસ્થા તે આત્માવસ્થા (છે). આત્માવસ્થા એટલે આત્માને અવલંબીને ચાલતી એવી જે અવસ્થા તે આત્માવસ્થા (કહેવાય છે). તેમાં *''પ્રમાદ થવા દેતા નથી.''* (એટલે કે) જરા પણ ઢીલું મૂકતા નથી. એવી અંદર (સ્વરૂપની) પકડ છે! સ્વરૂપના અવલંબનની એવી પકડ છે કે એમાં પ્રમાદ થવા દેતા નથી. (બહારમાં) ઉદય આવે છે (અને) જેમ ઉદય બળવાનપણે આવે તેમ અહીંયા બળવાનપણે સાવધાની આવે! જેમ ઉદય બળવાનપણે આવે તેમ બળવાનપણે (સ્વરૂપની) સાવધાની આવે!

તમે વાહન ચલાવતા હો અને (ચલાવતા–ચલાવતા) ગિરદીવાળો રસ્તો આવી ગયો. જ્યારે રસ્તો સાવ ખાલી હતો ત્યારે તો તમે બેફામ (પણે) ગાડી ચલાવી, બરાબર? ગાડી સડસડાટ જવા દીધી. (પરંતુ) જેવો ગિરદીવાળો રસ્તો આવ્યો તો (શું કર્યું)? સાવધાની રાખી કે ન રાખી? દૂરથી જ ગાડીને બ્રેક મારીને ધીમી પાડવાનું ચાલુ કરી દીધું. આ તો તમે બીજા વિચાર કરતા હો ત્યારે પણ આટલું કામ કરી શકો છો! એ વખતે બીજા વિચાર પણ ચાલી જતા હોય છે. એવું નથી કે એક જ બાજુ ધ્યાન રહે. તો પણ આટલી સાવધાની આવે છે.

એમ (જ્ઞાનીપુરુષ) ઉદયના કાર્યો કરતા–કરતા પણ આત્મઅવસ્થાને સંભાળે છે અને એમાં ઢીલાપણું આવવા દેતા નથી. આકરો ઉદય આવે તો વિશેષ કાળજી, વિશેષ બળવાનપણું, વિશેષ સાવધાની (આવે છે). આ એક પરિણમનની કાર્યપદ્ધતિ છે.

આપણે ચર્ચા કરીએ છીએ (એમાં) મુમુક્ષુને માટે પણ પરિણમન વિષયક આ એક મહત્વનો મુદ્દો છે; જ્ઞાનીને તો છે જ. પણ મુમુક્ષુ અહીંયા ભૂલ કરે તો એને પોતાના પરિણામ પકડાય નહીં. જો (મુમુક્ષુને) પોતાના પરિણમન ઉપર કાળજી ન હોય (તો) શું પરિણામ થઈ ગયા એ પકડાશે નહીં. કેમકે મુમુક્ષુ નુકસાન તો ઉદયમાં જ કરવાનો છે. (એટલે) જો એની કાળજી ન હોય, દરકાર ન હોય તો પરિણામ શું ચાલ્યા ગયા, એ એને પકડાશે નહીં. અને પકડાશે તો એના ઘણા પડખા ખુલશે. જો કાળજી હશે તો એના પડખા ખુલશે. ક્યા ક્યા પડખા ખુલશે ? એ કાળજી રાખીને સમજવા જેવો વિષય છે. કાળજી કરીને સમજવા જેવો વિષય છે.

(આગળ કહે છે) *''પ્રમાદના અવકાશ યોગે....''* એટલે જ્ઞાની પણ જો શિથિલતા રાખે તો *''જ્ઞાનીને પણ અંશે વ્યામોહ થવાનો સંભવ જે સંસારથી કહ્યો છે, તે સંસારમાં સાધારણ જીવે રહીને તેનો વ્યવસાય લૌકિકભાવે કરીને આત્મહિત ઈચ્છવું એ નહીં બનવા જેવું જ કાર્ય છે;...''* શું સરસ વાત કરી છે! એમણે પત્ર ગમે એને લખ્યો

હોય પણ (આપણને પણ) લાગુ પડે એવી વાત છે. જુઓ! ભગવાને તો એમ કહ્યું છે કે જ્ઞાની પણ જો પ્રમાદ કરે – શિથિલતામાં આવે તો એને પણ કોઈ અંશે વ્યામોહ થાય – ચારિત્રમોહ થાય અને વધારે શિથિલતા થાય તો દર્શનમોહમાં આવી જતા વાર લાગે નહીં! એવી સંભાવના છે. સંસારના કાર્યોના ઉદય એવા પ્રકારના હોય છે.

૨૬માં વર્ષમાં એક પત્રમાં લખે છે કે, માંડ-માંડ ગળકા ખાતા-ખાતા સંસાર તરીએ છીએ. સંસાર તો તરીએ છીએ પણ ક્યારેક ગળકુ ખાઈ જઈએ છીએ. અને કેટલાક ઉદય એવા આવે છે કે ધડ ઉપર માથુ ન રહે. એવા પણ ઉદય આવે છે. ત્યારે પોતે પણ બહુ સંભાળીને ચાલે છે.

(૫૬૯ પત્રમાં એમ લખે છે) *''જનકાદિ ઉપાધિમાં રહ્યાં છતાં આત્મસ્વભાવમાં વસતા હતા એવા આલંબન પ્રત્યે ક્યારેય બુદ્ધિ થતી નથી.''* એમનું અવલંબન ન લઉં. તીર્થંકરના ત્યાગનું અવલંબન લઉં પણ જનક મહારાજાનું ન લઉં, એમ કહે છે. (તીર્થંકરના) પુરુષાર્થનું (અવલંબન) લઉં. જો કે જનક મહારાજા પણ પુરુષાર્થ કરતા હતા ત્યારે વિદેહીદશામાં રહેતા હતા. હવે જુઓ! જનકરાજા રામચંદ્રજીના સસરા હતા. મહાજ્ઞાની હતા. સસરા-જમાઈ બન્ને જ્ઞાની! દિકરી પણ જ્ઞાની! (એટલે) સીતાજી પણ જ્ઞાની! એ પણ જ્ઞાની હતા. (કૃપાળુદેવને) એ વખતની ખબર છે કે જનકરાજા રાજ-કાજમાં આવી રીતે સહજપણે જ્ઞાનદશામાં રહી શકતા હતા, એનું એક તો મોટું કારણ (એ) હતું કે એમના ગુરુ વિદ્યમાન હતા. અષ્ટાવક્રજી જે એમના ગુરુ હતા – એ વિદ્યમાન હતા. અષ્ટાવક્ર (નામ) એ એમના શરીર પ્રમાણે નામ હતું. (એમના) શરીરના આઠે અંગ વાંકા (હતા). કેટલા? આઠે અંગ વાંકા (હતા). સામાન્ય માણસ એમને જોવે તો હસવું આવી જાય. એટલું બધું બેડોળ (પણે) ચાલવું થાય! પણ એ જબરજસ્ત જ્ઞાની હતા! કે જનકરાજા જેવા મહાજ્ઞાની (પણ) એમનું અવલંબન લેતા હતા. હજારો વર્ષો પહેલા જે જ્ઞાનીઓ થયા એના પરિણમનને કૃપાળુદેવ કેવી રીતે પકડતા હશે!! કેવી રીતે પરિણમનને પકડ્યું છે!! (જનકરાજા) જ્ઞાનદશામાં (હતા છતાં) ગુરુચરણમાં રહેતા હતા. એમના શરણમાં આવી ગયા હતા. પછી (સંસાર તરવામાં) વાંધો નહોતો આવતો. એવું છે. પ્રત્યક્ષ ગુરુ, ગુરુ ઉપદેશનું અવલંબન અને તે પણ વિનમ્ર થઈને એમનું શરણ સ્વીકાર્યું હતું, એમ કહે છે. પોતે એમનું શરણ સ્વીકાર્યું હતું. 'હું જ્ઞાની છું'! એમ નહીં. એમના શરણમાં રહેતા હતા. એટલે સુખે કરીને (સંસાર) તરી ગયા. નહીંતર આ સંસાર તરવો એ જેવી-તેવી વાત નથી.

(અહીંયા) શું કહે છે? કે જ્ઞાનીને પણ જે સંસારથી – સંસારના પ્રસંગોથી વ્યામોહ થવાનો સંભવ રહ્યો છે, એવા આ સંસારમાં સાધારણ મુમુક્ષુજીવે રહીને અને લૌકિકભાવે એના વ્યવસાયના કાર્યો કરીને, સાથે-સાથે આત્માનું હિત પણ ઇચ્છવું, એ નહીં બનવા જેવું જ કાર્ય છે. એ ન બની શકે. શું કહેવાનું તાત્પર્ય છે? કે એકવાર તો એણે આખા સંસારને ગૌણ કરવો રહ્યો. (જેનું) જેમ થાવું હોય એમ ભલે થાય, (એમ કરીને) એકવાર તો લાત મારી દે. 'હું મારું કામ કરી લઉં' (એમ ઉપાડ આવે). નહીંતર એ સંસારના વ્યવસાયની સાવધાની મને સ્વરૂપમાં સાવધાન નહીં થવા દે. એવું ચોખ્ખું

ભાસે અને ચોખ્ખું નુકસાન દેખાય તો (સંસારના કાર્યોનું) તો થવાનું હશે એમ થશે. - control માં કંઈ આવવાનું નથી, પણ મારી સાવધાની મને મોટું નુકસાન કરી દેશે. (એમ) એકવાર તો લાત મારી દ્યે! અને પોતાના નિજકાર્યમાં સાવધાન થઈ જાય. બાકી તો ન બનવા જેવું જ કાર્ય છે. (સંસારના કાર્યોમાંથી) નીકળી શકે નહીં.

*''કેમકે લૌકિકભાવ આડે આત્માને નિવૃત્તિ જ્યાં નથી આવતી, ત્યાં હિતવિચારણા બીજી રીતે થવી સંભવતી નથી.''* (લૌકિકભાવ આડે) આત્માના હિતની વાત મુખ્ય થઈ શકતી નથી. લૌકિકભાવ આડે – એની મુખ્યતામાંથી આત્મા નીકળતો નથી. આત્માને નિવૃત્તિ નથી આવતી એટલે શું? કે આત્મા એમાંથી નીકળતો નથી. આત્મહિતની અધિકતા? કે જેમાં અહિત થાય છે એવા કોઈ બીજા પરિણામની, બીજા કાર્યની, બીજા પ્રસંગની કે બીજી વસ્તુની અધિકતા? આમ તોળવું પડે. અને એવા નિશ્ચય ઉપર આવવું પડે કે જ્યાં સુધી આત્મકાર્ય – આત્મહિત અને આત્મા સર્વાધિક નહીં થાય ત્યાં સુધી આત્મકાર્ય થવાની કોઈ પરિસ્થિતિ છે જ નહીં. (કોઈપણ વાતમાં) વજન જવા ઉપર બહુ આધાર છે. કહેવાનો મતલબ શું (છે)? કે મુખ્યતા થવી, વજન જવું, રસ આવવો આ બધું એકાર્થ છે. એના ઉપર બહુ આધાર છે.

કૃપાળુદેવે ૨૫૪ (નંબરનો) પત્ર લખી મુમુક્ષુઓને પદાર્થ નિર્ણય સુધી પહોંચાડ્યા. (એ) એટલા માટે કે એકવાર જો પદાર્થનું સ્વરૂપ (નિજાત્મસ્વરૂપ) ભાસે તો એની અધિકતા એટલી આવે કે પછી એ અધિકતા જાય નહીં. એ પહેલા વિપરીત બાજુની જે અધિકતા રહી છે, તે છોડવી મુમુક્ષુ માટે કઠણ કામ છે; ન થઈ શકે એવું નથી પણ કઠણ કામ છે. એક માત્ર આત્મકલ્યાણની તીવ્ર ભાવના હોય અને પોતાનું ધ્યેય સ્પષ્ટ હોય કે મને આટલો મોટો લાભ થવાનો છે! એકદમ સ્પષ્ટ હોય કે આટલો મોટો લાભ થવાનો છે! તો જ (બાકી) બધું ગૌણ થાય. પૂર્ણતાના લક્ષ વિના, સંસારના કાર્યો કરવા, એમાંથી નીકળવું, એ વ્યામોહમાંથી છૂટવું – એ ન બની શકવા જેવી વાત છે.


*''ત્યાં હિતવિચારણા બીજી રીતે થવી સંભવતી નથી.''* એટલેકે મુમુક્ષુ આત્મહિતની મુખ્યતા કેવી રીતે કરી શકે? *''એકની નિવૃત્તિ...''* એટલે લૌકિકભાવની નિવૃત્તિ. *''તો બીજાનું પરિણામ થવું સંભવે છે.''* તો આત્માના હિતની વિચારણા થવી સંભવે છે. લૌકિકભાવની નિવૃત્તિ ત્યારે જ થાય કે (જ્યારે) એક જ લક્ષ હોય, એક જ ધ્યેય હોય અને એક નિષ્ઠાથી (આત્મહિતનું) કામ કરવા એક લયે પાછળ લાગે. નહીંતર બીજી કલ્પનાઓ વચ્ચે આવ્યા વિના રહે નહીં અને જીવ છૂટી શકે નહીં. જીવ એ બધાંમાંથી છૂટી શકે નહીં.

*''એકની નિવૃત્તિ તો બીજાનું પરિણામ થવું સંભવે છે. અહિતહેતુ એવો સંસારસંબંધી પ્રસંગ;...''* (અર્થાત્) જે ઉદય આવે છે એ કેવા (આવે છે)? અહિતહેતુ આવે છે. ચાહે અનુકૂળતાનો આવે કે ચાહે પ્રતિકૂળતાનો આવે. જીવને એમાં પોતાપણું થાય એટલે (એ) અહિતહેતુ (પ્રસંગ) છે. એ અહિતનું કારણ છે. હેતુ એટલે કારણ.

*

(પ્રવચનનો શેષ ભાગ આવતા અંકે...)

## મુનિહૃદયથી પ્રવાહિત આત્મસ્વરૂપના અમૃત...



* હું સદા જ્ઞાતા છું, દ્રષ્ટા છું, પંચપદ છું, ત્રિભુવનનો સાર છું, હું બ્રહ્મ, ઈશ, જગદીશસ્વરૂપ છું, 'સોહં' (એવો જે હું) તેના પરિચયથી જ હું ભવોદધિથી તરી જઈશ. ૧૫

(શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું-૧૬૩)

❈

* આ આત્મા કર્મકૃત રાગાદિ અથવા શરીરાદિથી સંયુક્ત ન હોવા છતાં પણ અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે અને તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે. ૧૬ (શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થસિદ્ધિ ઉપાય, ગાથા-૧૪)

❈

* જો કે શુદ્ધોપયોગલક્ષણવાળું ક્ષાયોપશમિકજ્ઞાન મુક્તિનું કારણ થાય છે તોપણ ધ્યાન કરનાર પુરુષે 'નિત્ય સકળ નિરાવરણ, અખંડ, એક, સંપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન જેનું લક્ષણ છે એવું પરમાત્મસ્વરૂપ તે જ હું છું, ખંડજ્ઞાનરૂપ નહિ' - એવી ભાવના કરવી. ૧૭

(શ્રી નેમિચંદ્રસિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૩૪)

❈

* યોગીઓને પોતાના ધ્યાન વખતે જે શુદ્ધ આત્મા દેખાય છે તે જ પરમબ્રહ્મ છે, તે જ જિન છે, તે જ પરમ તત્ત્વ છે, તે જ પરમગુરુ છે, તે જ પરમજ્યોતિ છે, તે જ પરમ તપ છે, તે જ પરમ ધ્યાન છે, તે જ પરમાત્મા છે, તે જ સર્વ કલ્યાણરૂપ છે, તે જ સુખનું ભાજન છે, તે જ શુદ્ધ ચિદ્રૂપ છે, તે જ પરમ શિવ છે, તે જ પરમ આનંદ છે, તે જ સુખદાયક છે, તે જ ઉત્કૃષ્ટ ચૈતન્ય છે અને સર્વ ગુણોનો ભંડાર પણ તે જ છે અર્થાત્ ધ્યાનમાં અનુભવમાં આવતો શુદ્ધ આત્મા તે જ જીવનું સર્વસ્વ છે. ૧૮ (-પરમાનંદ સ્તોત્ર, શ્લોક-૧૯)

❈

* સુગુરુની મહાન છત્રછાયા પામીને પણ હે જીવ! તું સકળ કાળ સંતાપને જ પામ્યો. પરમાત્મા નિજદેહમાં વસતા હોવા છતાં તેં પત્થર પર પાણી ઢોળ્યું. ૧૯


(શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૩૦)

❈

* જે મુનિ, આ અપવિત્ર શરીરથી પોતાના આત્માને ભિન્ન-જ્ઞાયકસ્વરૂપ જાણે છે તેણે સર્વ શાસ્ત્રો જાણ્યાં. ૨૦ (શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૪૬૩)

❈

('પરમાગમ-ચિંતામણિ' માંથી સાભાર ઉદ્ધૃત)



## ‘માર્ગદર્શન’

–‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’– પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની

**પહેલાં તો ધારણા બરાબર હોવી જોઈએ. પરંતુ ધારણા અંતરમાં ઉતરે ત્યારે સમ્યગ્જ્ઞાન થાય છે. ધારણામાં પણ અહીંનું** (આત્માનું) **લક્ષ હોવું જોઈએ. ૫૨૧.**

*

**ઉલ્લાસમાં ઉલ્લાસ આવી જાય, તે યોગ્ય નથી.** (રાગ થવો તે એટલો અપરાધ નથી જેટલો તે રાગનો રાગ થવો. કારણ કે રાગનો રાગ અનંતાનુબંધીનો કષાય છે.) **૫૨૬.**

*

**સાંભળવું, વાંચવું, ચર્ચા કરવી – તે બધી ઉપર-ઉપરની વાત છે; ખરેખર તો અંદરમાં જામી જવું જોઈએ, સ્વરૂપમાં ઊંડાં ઉતરી જવું જોઈએ. ૫૩૦.**

*

**પ્રશ્ન :– શરૂઆતવાળાએ કઈ રીતે અનુભવનો પ્રયત્ન કરવો?**

**ઉત્તર :– ‘હું પરિણામ માત્ર નથી’ ‘ત્રિકાળી ધ્રુવપણામાં અહંપણું સ્થાપવું’ – એ જ એક ઉપાય છે. ૫૩૨.**

*

**એક જ ‘માસ્ટર કી’ (Master key) છે. બધી વાતોનો, બધા શાસ્ત્રોનો એક જ સાર છે. – ‘ત્રિકાળી સ્વભાવમાં અહંપણું જોડી દેવાનું છે.’ ૫૩૩.**

*

**આ** (ધ્રુવ દૃષ્ટિનું) **બળ આવ્યા વિના,** (જીવ) **બીજી જગ્યાએ અટકશે જ. ૫૩૫.**

*

**સાંભળવામાં પણ એકાંત ઉલ્લાસ નહિ હોવો જોઈએ, દીનતા લાગવી જોઈએ, ખેદ હોવો જોઈએ.** (મુમુક્ષુની ભૂમિકામાં જેને સ્વરૂપપ્રાપ્તિની તીવ્ર લગની છે તેને સ્વરૂપની અપ્રાપ્તિમાં, સાંભળવા આદિના ભાવમાં પણ અસંતોષ / ખેદ વર્તે છે.) **૫૫૧.**

*

**‘અમારે’ તો નિર્વિકલ્પતા પણ કરવી નથી; ધ્રુવસ્થળમાં બેસવાથી નિર્વિકલ્પતા પણ સહજ થઈ જાય છે. પહેલાં અભિપ્રાય બરાબર કરવો જોઈએ, પછી પરિણામ પણ બરાબર થવા**

**લાગશે. ૫૫૯.**

*

**નિત્ય વસ્તુનો જ ભરોસો બરાબર કરવા યોગ્ય છે. ૫૬૪.**

*

**'હું ત્રિકાળીતત્ત્વ છું,' એમાં અહંપણું કરવું – એ જ બાર અંગ–ચૌદપૂર્વનો સાર છે; અંગપૂર્વમાં આ જ કહેવું છે. ૫૭૧.**

*

**પ્રશ્ન : અપરિણામીનો અર્થ શું? – આત્મા, પર્યાય વિનાનો સર્વથા કૂટસ્થ છે?**

**ઉત્તર : અપરિણામી અર્થાત્ દ્રવ્યમાં સર્વથા પર્યાય નથી, એમ નથી. પરંતુ પરિવર્તનશીલ – પરિણમન સ્વભાવી પર્યાયને ગૌણ કરીને, 'હું વર્તમાનમાં પરિપૂર્ણ છું, અભેદ છું,' – એ રીતે ધ્રુવદ્રવ્ય અને ધ્રુવપર્યાયને** (–જેને 'નિયમસાર'માં કારણશુદ્ધપર્યાય કહી છે, એને) **લક્ષગત કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.**

**દ્રવ્ય પલટતું નથી, પર્યાય પરિવર્તન કરે છે. જો દ્રવ્ય પરિણમનને પ્રાપ્ત થઈ જાય તો પલટતા એવા દ્રવ્યના આશ્રયે સ્થિરતા થઈ શકે નહિ; અને સ્થિરતા વિના સમ્યગ્દર્શન થઈ શકે નહિ. તેથી જે પરિવર્તન પામે છે તેનું લક્ષ છોડ; અને ધ્રુવ–અપરિણામી ચૈતન્યતત્ત્વ જે એક જ સારભૂત છે, તેનું લક્ષ કર!**

**પર્યાય પરિણમે છે, તેનું પરિણમન થવા દે! તેની સામે ન જો! પરંતુ તે જ કાળે 'તું' પરિપૂર્ણ–અપરિણામી–ધ્રુવતત્ત્વ છે, તેને દેખ!**

**અહો! 'હું' વર્તમાનમાં જ પરિપૂર્ણ–ધ્રુવ–અપરિણામી તત્ત્વ છું! – તે વાત જગતના જીવોને રુચતી નથી. અને પ્રમાણના લોભમાં – આત્માને જો અપરિણામી માનશું તો પ્રમાણજ્ઞાન નહિ થાય અને એકાંત થઈ જશે, એવી આડ મારીને – પર્યાયનું લક્ષ છોડવા ચાહતા નથી. આ જ કારણથી તેઓ અપરિણામી ચૈતન્યતત્ત્વને પામતા નથી. ૫૮૦.**

*


(પાના નં. ૦૨ થી આગળ... )

ચોથા ચક્રવર્તી, એ પ્રસિદ્ધ છે. એ આ જ્ઞાનને ઠીક કરવા માટે છ ખંડ છોડ્યા. જ્યારે એમને મૂલ્ય આવ્યું છે કે જ્ઞાનને ઠીક કરવું જોઈએ, બીજુ બધું ઠીક–અઠીકનો કાંઈ પ્રશ્ન નથી, જ્ઞાનને ઠીક કરવું જોઈએ તો એ છ ખંડને છોડવા તૈયાર થયા.

*

(પ્રવચનાંશ...'બહેનશ્રીના વચનામૃત'-૧૫૧, તા.૫-૧૦-૮૭, બોલ નં-૧૯૭, 'અધ્યાત્મ સુધા' ભાગ-૬, પાનું - ૫૫-૫૬)

# આત્મા - દિવ્યમૂર્તિ દેવ !!



## તત્ત્વચર્ચા મંગલવાણી-સીડી-૧૫-B

- પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

પ્રશ્ન :- જ્ઞાન દ્વારા જે નિર્ણય કરે કે પરનો હું અકર્તા છું. અને શ્રદ્ધા દ્વારા નિર્ણય કરે કે પરનો હું અકર્તા છું. એ બે નિર્ણયમાં શું તફાવત છે?

ઉત્તર :- જ્ઞાનથી નિર્ણય કર્યો કે શ્રદ્ધાથી નિર્ણય કર્યો. પણ એ શ્રદ્ધા અને જ્ઞાન એ બે જો યથાર્થ હોય તો શ્રદ્ધા સમ્યક્ હોય તો જ્ઞાન પણ સમ્યક્ છે. જ્ઞાન સમ્યક્ થાય તો શ્રદ્ધા પણ સમ્યક્ છે. પણ જો યથાર્થ નથી તો શ્રદ્ધાને યથાર્થ ક્યારે થાય? જ્ઞાનને વિચાર કરીને જ્ઞાનથી નક્કી કરે કે હું જ્ઞાયક છું. કર્તા નથી. એમ જ્ઞાનથી નક્કી કરે તો શ્રદ્ધા યથાર્થ થાય. અને શ્રદ્ધા યથાર્થ થાય તો એની સાથે શ્રદ્ધા મુખ્ય રહે અને જ્ઞાન પણ એની સાથે જ્ઞાયકતાનું કામ કરે છે. બેય સાથે જ છે. શ્રદ્ધા અને જ્ઞાન. પછી જ્ઞાતા થયો એટલે અસ્થિરતા અમુક ઊભી રહે છે. જ્ઞાયક થયો એટલે બધું થઈ નથી જાતું. એને ખ્યાલ છે. જ્ઞાયક થયો એટલે પછી યથાર્થ જ્ઞાયક થાય એને અસ્થિરતા હોય તો એને મારા પુરુષાર્થની મંદતાએ આટલી અસ્થિરતા છે. એ ક્યારે છૂટે? મને ક્યારે વીતરાગદશા થાય? એવી ભાવના રહે છે. એને એમ નથી રહેતું. જ્ઞાયકતા થઈ હું કાંઈ કરતો નથી. એવી બોલવાની લુખી વાતું જ્ઞાયકતામાં હોતી નથી. જ્ઞાયક થાય તો યથાર્થ અંદરથી જ્ઞાયક જ થઈ જાય છે.

જ્ઞાયક ક્યારે થાય? તન્મયતા છૂટે ક્યારે? જ્ઞાયક થાય તો. જ્ઞાયક થયા વગર તન્મયતા છૂટતી નથી. એને જ્ઞાયકતાની અમુક રીતે પરિણતિ પોતાની અંદરથી પ્રગટ થવી જોઈએ. તો એ કર્તાપણું છૂટે. એ ન થાય ત્યાં સુધી વિચારથી નક્કી કરે, નિર્ણય કરે, પુરુષાર્થ કરે જ્ઞાયક થવાનો, કર્તાબુદ્ધિ થવાનો, ત્યાર પહેલા એનો રસ છૂટી જાય કર્તાપણાનો. એમ કરી શકે. બાકી યથાર્થપણે તો જ્ઞાયક થાય ત્યારે જ કર્તાપણું છૂટે.

પ્રશ્ન :- જ્યાં સુધી અનુભવ ન થાય ત્યાં સુધી જે જ્ઞાને નિર્ણય કર્યો છે અને શ્રદ્ધાનો ટેકો નથી મળ્યો ત્યાં સુધી લુખાશ જ સમજવું ને?

ઉત્તર :- એમ જેને જ્ઞાનમાં હોય કે હું કાંઈ કરતો જ નથી અને પર્યાયમાં કાંઈ નથી એવી જાતની એની જ્ઞાનમાં ભૂલ હોય તો લુખાશ અનુભવે. બાકી આત્માર્થી હોય અને વિચારથી નક્કી કરતો હોય

પણ હજી જ્ઞાયકતા પ્રગટ થઈ ન હોય. આત્માર્થી હોય અને વિચારથી નક્કી કરતો હોય તો એમાં બધામાં લુખાશપણું જ હોય એવો કાંઈ એનો અર્થ નથી. આત્માના પ્રયોજન માટે વિચાર કરતો હોય, નક્કી કરતો હોય તો એમ બધાને લુખાશ જ હોય એવું નથી.

પ્રશ્ન :– તો એનો અર્થ એમ થયો કે રુચિમાં થોડું કાર્ય ચાલે છે.


ઉત્તર :– એ તો રુચિ જેને હોય એને વિચાર ને એ તો બધું ચાલ્યા જ કરે જેને લગની લાગી હોય એને.

પ્રશ્ન :– માતાજી! બીજો પ્રશ્ન છે કે આત્મા અચિંત્ય શક્તિઓનો ધણી સ્વયમેવ દેવ છે. જે ક્ષણે જાગે તે જ ક્ષણે અનંતસ્વરૂપ જાગતી જ્યોતિ અનુભવમાં આવે? કે બહાર આવે ત્યારે આનંદની ખબર પડે?

ઉત્તર :– આત્મા અચિંત્ય શક્તિ જે ચિંતવવામાં ન આવે એવો દિવ્યમૂર્તિ દેવ છે. એવો અનંત શક્તિથી ભરપૂર આત્મા છે. એ જ ક્ષણે જાગે, અંતરથી જે વિકલ્પ છૂટીને અંદરથી આત્મા જે પ્રગટ થાય, એની સ્વાનુભૂતિ થાય. તે ક્ષણે જેને વેદનમાં આવે છે તે જ ક્ષણે એને જાણે છે. બહાર આવીને જાણે એવું કાંઈ હોતું નથી કે જ્ઞાન ક્યાં ગયું છે? જ્ઞાન પોતે હાજર જ છે. જ્ઞાનનો એવો સ્વભાવ છે કે જ્ઞાન પોતાને જાણે છે, જ્ઞાન દ્રવ્ય–ગુણ–પર્યાય બધાને જાણે છે. ઉપયોગાત્મક જ્ઞાન. એ જ્ઞાન કાંઈ શૂન્ય નથી થઈ ગયું કે આનંદને જાણે નહિ. પોતે જે વેદનમાં આવે છે એ બધું જાણે જ છે. એ આનંદગુણ જે અનુપમ આત્માનો પ્રગટ થાય છે. આનંદગુણ અને અનંત શક્તિઓથી ભરપૂર આત્મા, અનંત સામર્થ્યથી ભરપૂર આત્મા, એને જે વેદનમાં આવે છે એ બધું એક ક્ષણે જાણે છે એને વેદનમાં આવે છે ત્યારે. બહાર આવીને જાણે છે એવો અર્થ નથી. જ્ઞાન એનું સ્વપરપ્રકાશક જ્ઞાન છે. એ જ્ઞાન કાંઈ એનો નાશ નથી પામી જતો. અનુભૂતિમાં કાંઈ બહાર આવે, બહાર એટલે વિકલ્પનો આશ્રય મળે તો જાણે એવો કાંઈ એનો અર્થ નથી. અનાદિથી જે પોતાને ભૂલી ગયો છે અને પરપદાર્થ તરફ જે બધું જાણ્યા કરે છે અને રાગ–દ્વેષ અને વિકલ્પના ભાવો વેદનમાં આવે એને જાણે છે. અને સ્વાનુભૂતિ થાય એને ન જાણે એ જ્ઞાન કઈ જાતનું? પોતે સ્વાનુભૂતિને જાણે છે. આવા વિભાવભાવોને વેદનમાં આવીને જાણે અને સ્વાનુભૂતિને જાણે નહિ. જ્ઞાન તો પરિપૂર્ણ સામર્થ્યથી ભરેલું છે. જ્ઞાનસ્વભાવ કોને કહેવાય? બધુ જાણે એ. પોતાને જાણે છે એ પોતાના વેદનને આનંદગુણને બધા ગુણને. પોતે પોતાને જાણે, બીજા ગુણોને જાણે, પર્યાયની પરિણતિને જાણે, બધાને જાણે. ઉપયોગ બહાર નથી એટલે બહારના પદાર્થને નથી જાણતો. પોતાની સ્વાનુભૂતિમાં બધું જાણે છે. તે ક્ષણે જ જાણે છે. પછી જાણે છે એવું નથી. એનું વેદન થઈ ગયું અને પછી એને ખ્યાલ આવ્યો કે મને આ વેદન થયું એમ નથી. તે ક્ષણે જે જાણ્યું હતું એ બહાર આવીને એને યાદ રહે છે. એ તે જ ક્ષણે જ એને વેદનમાં આવે છે.

*

(તત્વચર્ચાનો શેષ ભાગ આવતા અંકે... )



## - પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી રાજહ્રદય !!

પત્રાંક - ૩૯૪ (ગતાંકથી આગળ)

તે ભક્તિને વિષે નિષ્કામ એવી અલ્પ પણ ભક્તિ જો જીવને ઉત્પન્ન થઈ હોય છે તો તે ઘણા દોષથી નિવૃત્ત કરવાને યોગ્ય એવી હોય છે. અલ્પ એવું જ્ઞાન, અથવા જ્ઞાનપ્રધાનદશા તે અસુગમ એવા માર્ગ પ્રત્યે, સ્વચ્છંદાદિ દોષ પ્રત્યે, અથવા પદાર્થ સંબંધી ભ્રાંતિ પ્રત્યે પ્રાપ્ત કરે છે, ઘણું કરીને એમ હોય છે; તેમાં પણ આ કાળને વિષે તો ઘણા કાળ સુધી જીવનપર્યંત પણ જીવે ભક્તિપ્રધાન દશા આરાધવા યોગ્ય છે; એવો નિશ્ચય જ્ઞાનીઓએ કર્યો જણાયછે. (અમને એમ લાગે છે, અને એમ જ છે.)

હૃદયને વિષે જે મૂર્તિસંબંધી દર્શન કરવાની તમને ઈચ્છા છે, તેને પ્રતિબંધ કરનારી એવી પ્રારબ્ધસ્થિતિ (તમને) છે; અને તે સ્થિતિને પરિપક્વ થવાને વિષે હજુ વાર છે; વળી તે મૂર્તિના પ્રત્યક્ષપણામાં તો હાલ ગૃહાશ્રમ વર્તે છે, અને ચિત્રપટને વિષે સંન્યસ્તાશ્રમ વર્તે છે, એ એક ધ્યાનનો મુખ્ય એવો બીજો પ્રતિબંધ છે, તે મૂર્તિથી તે આત્મસ્વરૂપ પુરુષની દશા ફરી ફરી તેનાં વાક્યાદિનાં અનુસંધાને વિચારવાને યોગ્ય છે, અને તેનું તે હૃદયદર્શનથી પણ મોટું ફળ છે. આ વાતને અત્ર સંક્ષેપ કરવી પડે છે.


'ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે.'

એ વાક્ય પરંપરાગત છે. એમ થવું કોઈ પ્રકારે સંભવિત છે, તથાપિ તે પ્રોફેસરનાં ગવેષણ પ્રમાણે ધારીએ કે તેમ થતું નથી, તોપણ અત્ર કંઈ હાનિ નથી, કારણ કે દૃષ્ટાંત તેવી અસર કરવાને યોગ્ય છે, તો પછી સિદ્ધાંતનો જ અનુભવ કે વિચાર કર્તવ્ય છે. ઘણું કરીને એ દૃષ્ટાંત સંબંધી કોઈને જ વિકલ્પ હશે; એટલે તે દૃષ્ટાંત માન્ય છે, એમ જણાય છે. લોકદ્રષ્ટિએ અનુભવગમ્ય છે, એટલે સિદ્ધાંતને વિષે તેનું બળવાનપણું જાણી મહત્ પુરુષો તે દૃષ્ટાંત આપતા આવ્યા છે, અને કોઈ પ્રકારે તેમ થવું સંભાવ્ય પણ જાણીએ છીએ. એક સમય પણ કાદપિ તે દૃષ્ટાંત સિદ્ધ ન થાય એવું છે એમ ઠરે તોપણ ત્રણે કાળને વિષે નિરાબાધ, અખંડ-સિદ્ધ એવી વાત તેના સિદ્ધાંતપદની તો છે.

'જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે.'

આનંદઘનજી અને બીજા બધા જ્ઞાનીપુરુષો એમ જ કહે છે, અને જિન વળી બીજો પ્રકાર કહે છે કે, અનંતવાર જિનસંબંધી જે ભક્તિ તે કરવા છતાં જીવનું કલ્યાણ થયું નહીં; જિનમાર્ગને વિષે ઓળખાતાં એવાં સ્ત્રીપુરુષો એમ કહે છે કે અમે જિનને આરાધીએ છીએ, અને તે આરાધવા જાય છે, અથવા આરાધન કરવાને વિષે ઉપાય લે છે, તેમ છતાં જિનવર થયેલાં એવાં તે દેખાતાં નથી; ત્રણે કાળને વિષે અખંડ એવો એ સિદ્ધાંત તો અત્ર ખંડપણાને પામે છે, ત્યારે હવે એ વાત વિકલ્પ કરવા યોગ્ય કેમ નથી?

*



# આત્મહિતથી અધિક શેની કિંમત ?!!

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

કોઈપણ પ્રસંગોમાં તીવ્ર રસે કરીને ન પ્રવર્તાય તે જ્ઞાનીઓના માર્ગમાં પ્રવેશવાનું દ્વાર છે. જ્ઞાનીના માર્ગમાં તારે પ્રવેશ કરવો હોય, મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવો હોય, જ્ઞાની કહો કે ભગવાનના માર્ગમાં, પરમાત્માના, જિનેશ્વરના માર્ગમાં પ્રવેશ કરવો હોય તો પહેલો તારો (બહારનો) રસ ઉડાડી દે. ગમે તે પ્રસંગ હોય એની કિંમત શું? બહારના પ્રસંગની કિંમત શું? વાત એટલી છે. તારા આત્મા જેટલી કિંમત? તારા આત્માના હિત જેટલી કિંમત? તારા આત્માના ગુણ જેટલી કિંમત? તારા આત્માની શાંતિ જેટલી કિંમત? આનંદ જેટલી કિંમત? જ્ઞાન જેટલી કિંમત? કેટલી કિંમત?

જો વિષયને વાતને વિચારીને બરાબર એને હૃદયમાં ઠીક કરી હોય તો એને ઉદય કાળે તીવ્ર રસ થાય તો જાગૃતિ આવે કે, અરે...! આ મને નુકસાન કરું છું. જેમ કોઈ સાતમે માળેથી પડતું મૂકવાનું હોય તો એકવાર રૂંવાડાં ઊભા થઈ જાય. થઈ જાય કે ન થઈ જાય? અરે...! આટલું બધું ઊંચું ઊંચું છે! અહીંથી કેમ પડતું મુકાશે? એમ એને અંદરમાં પોતાનું અહિતરૂપ કાર્ય થતાં ખચકાટ આવે, અચકાટ આવે તો એ કાંઈક પાત્રતાનું લક્ષણ છે, એ નિશાની છે.

એટલે હિત માટે જો જીવ તૈયાર થાય અને સારી રીતે તૈયાર થાય; અનંતકાળ વિચારીને, ભૂતકાળ વિચારીને, પોતાના દુઃખોને વિચારીને કે કેટલો દુઃખી થયો અને કેટલો દુઃખી થઈ રહ્યો છે તો એક મોટી વાત એ છે કે સ્વભાવ એને સાથ આપે છે. એનો આત્મદેવ જે અહીંયાં રમણીય ચૈતન્યદેવ કહ્યો છે એ ચૈતન્યદેવ એને સાથ આપે છે. જગતના બીજા સંયોગો એને સાથ આપે કે ન આપે, શરીર સાથ આપે કે ન આપે કારણ કે ઈ સગું થાતું નથી, શરીર સગું થાતું નથી. ચાલે છે આપણી ઈચ્છા પ્રમાણે? એ આડોડાઈ કરીને આડું આડું ચાલે છે.

આપણે (એક મુમુક્ષુ હતા) ઈ ઘણીવાર કહેતા હતા. પાછલી ઉંમર હતી. (ઈ એમ કહે), આ પાડોશી છે ને એ આડોડાઈ કરે છે. શરીર કોણ છે? પાડોશી છે. આ પાડોશીની આડોડાઈ ઘણી છે. પાડોશી આડોડાઈ કરે તો કરવા દ્યો. આત્મા સીધો થાય તો પાડોશીની આડોડાઈ એને નડે એવું નથી. ભલે કર્યા કરે. ઈ એના પ્રમાણે ચાલશે, આત્માની ઈચ્છા પ્રમાણે, વિકલ્પ પ્રમાણે શરીર ચાલે એ પણ વસ્તુસ્થિતિ તો નથી. એટલે અંદરથી સ્વભાવ એવો છે કે જો જીવ પોતે પોતાનું હિત કરવા તૈયાર થાય તો અંદરમાં સાનુકૂળતા થાય છે. હિત થવા યોગ્ય પરિણામો ઉત્પન્ન થવાની સાનુકૂળતા સ્વભાવમાંથી થવા લાગે છે. એનો આત્મા અંદરથી સળવળી ઊઠે છે કે હવે મારે મારું હિત કરી લેવું છે.

*

(પ્રવચનાંશ...'બહેનશ્રીના વચનામૃત'-૧૮૩, તા. ૨૧-૦૮-૮૭, પ્રવચન નં-૧૩૮ 'અધ્યાત્મ સુધા' ભાગ-૫, પાનું - ૨૯૯-૩૦૦)

***REGISTERED NO. : BVHO - 261 / 2024-2026***
***RENEWED UPTO : 31/12/2026***
***R.N.I. NO. : 69847/98***
*Title Code : GUJGUJ07425*
***Published : 10th of Every month at BHAV.***
***Posted at 10th of Every month at BHAV. RMS***
***Total Page : 20***

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા દ્વારા અજય ઑફસેટ, 12-સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ - 380 016 થી મુદ્રિત તથા 1942/બી, શશીપ્રભુ માર્ગ, રૂપાણી, ભાવનગર - 364 001 દ્વારા પ્રકાશિત.

**સંપાદક : શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા - 98250 52913**

Printed Edition : **1200**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur process 9374825041